## માંડવીના લાખી ડેમમાં નવા નીરની આવક, હરિયાળી સાથે અદભૂત કુદરતી નજારો



■ માંડવી તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા મહત્ત્વના લાખી ડેમમાં ચોમાસાના વરસાદ બાદ નવા નીરની સતત આવક થઈ રહી છે. ડેમમાં પાણીનું સ્તર 72.65 મીટર સુધી પહોંચ્યું છે, જેના કારણે ડેમ છલકાવવાની તૈયારીમાં છે. ડેમની આસપાસ હરિયાળી છવાઈ જતાં આ સ્થળ કુદરતપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. **(ત. હિતેશ પટેલ)**

# રિક્ષામાં વૃદ્ધ પેસેન્જરના દાગીના ચોરતી ગેંગનો પર્દાફાશ, 1 ઝડપાયો

**દાગીના** કટર વડે કાપી લેતાં હતા, ટોળકીના અન્ય ત્રણ વોન્ટેડ



બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે રિક્ષામાં નિર્દોષ અને વૃદ્ધ લોકોને પેસેન્જર તરીકે બેસાડી કટર વડે સોનાના દાગીના કાપીને સ્નેચિંગ કરતી કુખ્યાત ટોળકીના એક મુખ્ય આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

૦૮ જૂન ૨૦૨૬ના રોજ બારડોલી સ્ટેશન રોડ પર હિરાચંદનગરના નાકેથી ચાર અજાણ્યા ઈસમો એક રિક્ષામાં એક વૃદ્ધાને પેસેન્જર તરીકે બેસાડી ગયા હતા. આ ઈસમોએ વૃદ્ધાના ડાબા હાથમાંથી સવા તોલાની સોનાની બંગડી (કિંમત ૪૫,૦૦૦) કટરથી કાપી લીધી હતી તેમજ ગળામાંથી બે તોલાની સોનાની ચેન (કિંમત ૭૫,૦૦૦) ખેંચી લીધી હતી. આશરે ૧,૨૦,૦૦૦ના દાગીનાની ચોરી કરી આરોપીઓ વૃદ્ધાને રસ્તામાં ઉતારી નાસી છૂટ્યા હતા. આ ગુનામાં તપાસમાં લાગેલી બારડોલી ટાઉન પોલીસને બાતમી મળી હતી કે ગુનામાં સંડોવાયેલો નઈમ જાડીયા નામનો ઈસમ પોતાની રિક્ષા (નં. GJ 05 BW 0417) લઈને કડોદરાથી બારડોલી તરફ આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવી નઈમ રહેમાન શેખ (ઉં.વ.૩૭, રહે. ભાઠેના રજાનગર, સુરત)ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં તેણે એક મહિના પહેલાં તેના મિત્રો સાથે મળીને વૃદ્ધાના દાગીના ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી એક ઓટોરિક્ષા જેની કિંમત ૭૫,૦૦૦, રોકડા રૂપિયા ૧,૦૦૦ અને આશરે ૫,૦૦૦ની કિંમતનો એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન મળીને કુલ ૮૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ટોળકીના આરોપીઓમાં સુરત શહેરના સલમાન શાહ, જુબેર મોહસીન શેખ અને અરબાજ ઉર્ફે બીલ્લા અજીજખાન શેખને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલિયાની રંગ નવચેતન કોલેજમાં વિશ્વ વસતી દિવસ નિમિત્તે વિચાર લેખન સ્પર્ધા યોજાઈ



ભરૂચઃ વાલિયામાં આવેલ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, હાલમાં વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે 'ભારત માટે વસ્તી લાભદાયક છે કે નુકસાનકારક?' વિષય પર વિચાર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડો. નિયતિબેન ભટ્ટએ જણાવ્યું કે,વિશ્વ વસ્તી દિવસના ઉદ્દેશો અને વસ્તી-વિકાસના પરસ્પર સંબંધ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમણે વસ્તીને વરદાન કે અભિશાપ માનવાને બદલે તેના સુનિયોજન અને સંસાધનો સાથેના સંતુલન પર ભાર મૂક્યો.સ્પર્ધામાં કુલ 21 વિદ્યાર્થીએ ભાગ લીધો. આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગ અને સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના અધ્યક્ષ પ્રા. ડો. દિલાવરખાન પઠાણ અને પ્રા. શીતલ મિસ્ત્રીએ સંભાળ્યું હતું.

### દાદરીયા ગામે ઘાસ કાપી રહેલા વૃદ્ધને માર મરાયો

વાલોડઃ વાલોડ તાલુકાનાં દાદરીયા ગામે ઉપલું ફળિયુંમાં રહેતા જયંતિભાઈ વલ્લભભાઈ ગામિત (ઉં.વ.68) પોતાના ઘર આગળ ઘાસચારો કાપી રહ્યા હતા. તે સમયે ગામમાં રહેતા ધનસુખભાઈ ગોવિંદભાઈ ગામિત ત્યાં આવી પહોંચી કહેવા લાગ્યા હતા કે આ જગ્યા મારી છે કેમ ઘાસચારો કાપે છે? જયંતિભાઈએ જણાવ્યું કે આ જગ્યા મારા ઘરના આગળના એરિયામાં આવે છે, તેમ કહેતા ધનસુખભાઈ ગામિતએ જયંતિભાઈને અપશબ્દો બોલી લાકડી વડે માર માર્યો હતો. જયંતિભાઈને હાથમાં તેમજ પગના અને મોઢાના ભાગે ઇજા પહોંચતા સારવાર માટે વ્યારા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે વાલોડ પોલીસને જાણ થતાં પોલીસે ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ડોલવણના ગારવણમાં ઘરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

વ્યારાઃ તાપીમાં ડોલવણ તાલુકામાં ગારવણ ગામે પોલીસે બાતમીના આધારે તેજલ ધર્મેશ ચૌધરીના રહેણાંક ઘરની સામે પજારીમાં તપાસ કરતાં સંતાડેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની 52 જેટલી બાટલીઓ મળી આવી હતી. જોકે પોલીસની રેડ દરમિયાન ગાયબ તેજલ ચૌધરી સામે ડોલવણ પોલીસે ગુનો નોંધી રૂ.11,983નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### દહેજ રોડ પરથી દારૂની બોટલો સાથે શખ્સ ઝડપાયો

ભરૂચઃ ભરૂચ રૂરલ પોલીસે દહેજ રોડ પર ઇકરા કોલેજ નજીક નાઇટ પેટ્રોલિંગ દરમિયાન એક સ્વિફ્ટ કારમાં પાછળ બેઠેલા શખ્સ પાસેથી રૂ.૩,૪૨૩ ની કિંમતની વિદેશી દારૂની ૫ બોટલો ઝડપી પાડી છે. પોલીસે વૃંદાવન વિલા, ચાવજમાં રહેતા કારચાલક મેહુલ રમણભાઈ રોહિત નામના શખ્સની અટકાયત કરી હતી. ભરૂચ રેલવે સ્ટેશન નજીક એક અજાણ્યા ઇસમ પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી.

### તાતીથૈયા નજીક ટ્રેનની અડફેટે અજાણ્યા યુવકનું મોત

પલસાણાઃ પલસાણાના તાતીથૈયા ગામેથી પસાર થતી સુરત-ભુસાવલ રેલવે લાઈન પર ટ્રેનની અડફેટે અંદાજે 25થી 30 વર્ષના અજાણ્યા યુવકનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ચલથાણ રેલ્વે સ્ટેશનના માસ્ટર ક્રિષ્નાભાઈ મૌર્યાએ પોલીસને જાણ કરી હતી. પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી યુવકની ઓળખની દિશામાં તપાસ હાથ ધરી છે.

### પીપોદરા જીઆઇડીસીમાં પેશાબ કરી રહેલા યુવકનું ઢળી પડ્યા બાદ મોત

હથોડાઃ આજે રવિવારે પીપોદરા જીઆઇડીસી ખાતે આવેલી બંસરી ટેક્સ્ટાઇલના મુખ્ય રોડના કિનારે એક 35થી 40 વર્ષનો પર પ્રાંતિય યુવાન પેશાબ કરી રહ્યો હતો અને અચાનક તે ઢળી પડ્યા બાદ તરત જ તેનું મોત થયું હતું. બનાવ અંગે પાલોદ પોલીસ ઘટના સ્થળે પહોંચીને યુવાનની ઓળખ તપાસની સાથે મોતના કારણ અંગે તપાસ હાથ ધરી છે.

### ભરૂચની નર્મદા માર્કેટ પાસે જુગાર રમતા 5 ઝડપાયા

ભરૂચઃ રવિવારની મોડી રાત્રિએ ભરૂચના સોનતલાવડી પાછળ આવેલી નર્મદા માર્કેટની પાસે રોડ ઉપરની ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઇટના અજવાળે ચાલી રહેલા જુગારધામ પર ભરૂચ એ ડિવિઝન પોલીસે દરોડો પાડી પાંચને ઝડપી પાડ્યા હતા. પાંચ આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા 21,100 તેમજ મોબાઇલ અને પત્તા-પાના સહિત કુલ રૂપિયા 36,100નો મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલા આરોપીઓ પૈકી કૃણાલ જગદીશભાઈ પરમાર (ઉં.વ.28, રહે., રાજીવનગર, ઝુંપડપટ્ટી), અનિલ મોતીલાલ વસાવા, સોહમ પ્રવિણભાઈ વસાવા અને સુનિલભાઈ બાબુભાઈ દંતાણી (ત્રણેય રહે., સોનતલાવડી, ઝુંપડપટ્ટી), મયુર મહેન્દ્રભાઈ રાણા (ઉં.વ.33, રહે., રામનગર સોસાયટી, જૂની મામલતદાર ઓફિસ સામે, ભરૂચ)નો સમાવેશ થાય છે.

### વાલોડ ખાતે રક્તદાન શિબિરનું આયોજન, 84 યુનિટ રક્ત એકત્ર થયું



વાલોડઃ માનવસેવાના ઉત્કૃષ્ટ ઉદાહરણ સમી એક સાર્વજનિક રક્તદાન શિબિરનું આયોજન વાલોડ ખાતે કરવામાં આવ્યું હતું. અલ- બિર્ર ફાઉન્ડેશન (બાય વાલોડ મુસ્લિમ કોમ્યુનિટી) દ્વારા અને સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલીના સહયોગથી આ ભવ્ય રક્તદાન શિબિરનું સફળ આયોજન જી.સી. પટેલ હાઈસ્કૂલ, વાલોડ ખાતે કરવામાં આવ્યું હતું. કુલ 84 બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. અબ્દુલ રશીદ પટેલ મલેકપોર, વાલોડના સરપંચ વિજયાબેન નાઈક તેમજ વાલોડના પી.આઈ. એમ.એમ. ગીલાતર, અ. રઉફભાઈ શેખ પ્રમુખ મુસ્લિમ સમાજ વાલોડ, અબ્દુલહય યુ. શેખ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મૌલાના યાહ્યા પઠાણે કર્યું હતું. બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલની મેડિકલ ટીમ દ્વારા રક્ત એકત્રિત કરવાની સમગ્ર કામગીરી ખૂબ જ વ્યવસ્થિત રીતે સંભાળવામાં આવી હતી.

### કંબોડિયામાં પરમીટ વિના ભંગારનો ધંધો કરનારની ધરપકડ

ભરૂચઃ નેત્રંગ પોલીસે કંબોડીયા ગામમાં પરમીટ વગર ભંગારનો ધંધો કરતાં સુરેશભાઈ ભોજારામ મારમબાઈ ગુર્જ્જર (ઉં.વ.32, રહે., કંબોડિયા, તા. નેત્રંગ, મૂળ રૂપેરા, ભીલવાડા, રાજસ્થાન) ઝડપી પાડ્યો હતો. દુકાનમાંથી 35.500 કિલોગ્રામના રૂ.9,450ના એલ્યુમિનિયમના તારના ટુકડા મળી આવ્યા હતા. વાયરિંગ ચોરીનાં તસ્કરોએ આ જગ્યાએ ભંગારમાં વેચ્યો હોવાનો પોલીસને અનુમાન છે.


Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Alpha
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333


### ઉચ્છલના બેડકી નાકા પાસે ભેંસો ભરેલો ટેમ્પો પકડાયો, ચાલકની ધરપકડ

વ્યારાઃ તાપીમાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે 53 પર ઉચ્છલના બેડકી નાકા પાસે પોલીસે બાતમીના આધારે બંધ બોડીના આઈસર ટેમ્પો (નં. GJ 16 AV 8340)માં કોઈ પણ જાતની મંજૂરી વિના ગેરકાયદે રીતે ખીંચોખીંચ ભરેલી 16 જેટલી ભેંસોને ઝડપી પાડી હતી. પોલીસે ટેમ્પોચાલક કમલેશ શના ચૌહાણ (ઉં.વ.33, રહે., પંજાબ નગર, વલણ, તા. કરજણ, જિ.વડોદરા) ની ધરપકડ કરી અન્ય એક આરોપી સમીર મુસા પટેલ (રહે., સાપા, તા.કરજણ, જિ.વડોદરા)ને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વ્યારાના છીંડીયામાં કોતરના પાણીમાં ડૂબી જતાં 3 વર્ષના બાળકનું મોત

વ્યારાઃ તાપીમાં વ્યારાના છીંડીયામાં કોતરના ખાડામાં પડી જતાં બાળકનું મોત થતાં વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ તારીખ 11-07-2026 ના રોજ છીંડીયા ગામે આથમણી ફળિયામાં રહેતા નિકુંજભાઈ પ્રવિણભાઈ ગામીતનો પુત્ર નક્ષકુમાર (ઉં.વ.આશરે 3 વર્ષ અને 5 માસ) પોતાના ઘરની પાછળ આવેલા કોતરના ખાડામાં આકસ્મિક રીતે પડી ગયો હતો. કોતરના ખાડામાં પાણી ભરાયેલા હોય નક્ષનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. બાળકના મોતના પગલે પરિવારમાં શોકની કાલિમા છવાઈ જવા પામી હતી. મોતની ઘટના અંગે પોલીસને જાણ કરાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ઉચ્છલના આમકુટીમા ડમ્પર પાછળ બાઈક ભટકાતા ચાલકનું મોત

વ્યારાઃ તાપીમાં ઉચ્છલ- નિઝર સ્ટેટ હાઈવે પર આમકુટી ગામે ટોકરવા તરફ જતાં ટેકરા પાસે હાઈવા ડમ્પરને ઓવરટેક કરવા જતાં બાઈકચાલકે ડમ્પર પાછળ બાઈક અથડાવી દેતાં તેનું ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. શનિવારની રાત્રિએ રામસિંગભાઈ દેવજીભાઈ વસાવા (ઉં.વ.59, રહે., આમકુટી, તા. ઉચ્છલ, જિ.તાપી)એ બાઈક (નં. GJ 26 AF 3793) લઈને નિઝર તરફથી પોતાના ઘરે પરત આવી રહ્યાં હતાં, ત્યારે સર્જાયેલા અકસ્માતમાં તેમનું મોત નીપજ્યું હતું. બાઈક પર સવાર મનાભાઈ છગનભાઈ વસાવા (ઉં.વ.55, ધંધો- સેન્ટિંગ કામ, રહે., આમકુટી) ને ઈજા પહોંચતા વ્યારા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. ઉચ્છલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં પ્રેમ સંબંધની અદાવતમાં યુવક પર હુમલો

રાજપીપળાઃ રાજપીપળાની મદીના સોસાયટી પાસે પ્રેમ સંબંધની અદાવતમાં એક યુવક પર જીવલેણ હુમલો કરાયો હતો. ફરિયાદી તારીક અનવર અન્સારી પોતાની મોપેડ (GJ 22 Q 2147) પર બેઠા હતા, ત્યારે યુવતી સાથેના પ્રેમ સંબંધની રીસ રાખી આરોપી સુલતાન ઉર્ફે સુલતૂ નસરુદ્દીન શેખ અને તોસીફ ઉર્ફે થાલ ફિરોજ શેખે હુમલો કર્યો હતો. આરોપીઓએ ગાળાગાળી કરી લાકડાના ફટકા અને લોખંડના પાઈપ વડે તારીકને માથામાં તેમજ હાથ-પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડી ફ્રેક્ચર કરી દીધું હતું. ત્યારબાદ આરોપી સુલતાને ફરિયાદીના ઘરે જઈ તેના પિતાને લાફા મારી, તારીકને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે રાજપીપળા ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

# અંકલેશ્વર નગરપાલિકાની સમિતિની 17મીએ રચના થશે

**સૌથી** મલાઇદાર ગણાતી આરોગ્ય અને સફાઈ સમિતિની ચેરમેન કોણ બનશે? તેના પર સૌની નજર

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકામાં આગામી ૧૭મી તારીખે વિવિધ સમિતિઓના ચેરમેન તેમજ સભ્યોની સત્તાવાર જાહેરાત કરવા માટે સામાન્ય સભા બોલાવવામાં આવી છે. સમિતિઓની આ રચના પહેલા જ પાલિકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને નગરપાલિકાના સૌથી 'મલાઈદાર' ગણાતા સેનિટેશન ખાતાના ચેરમેન બનવા માટે નગરસેવકોમાં જોરદાર લોબિંગ શરૂ થયું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

મળતી માહિતી મુજબ, સમિતિઓમાં મનગમતા અને પ્રભાવશાળી પદો મેળવવા માટે નગરસેવકોએ પોતાના આકાઓ અને મોટા નેતાઓ આસપાસ આંટાફેરા મારવાનું શરૂ કરી દીધું છે. સત્તા મેળવવાની આ હોડમાં નગરસેવકો એકબીજાના પત્તા કાપવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોટા નેતાઓની આસપાસ ફરતા અનેક નગરસેવકોના પત્તા મોવડી મંડળ દ્વારા કાપી નાખવામાં આવ્યા હોવાની વિગતો પણ સામે આવી રહી છે.

સમિતિઓની રચના પહેલા જ ભાજપના આંતરિક રાજકારણમાં મોટો ગરમાવો જોવા મળ્યો છે. ધારાસભ્યોએ આપેલા ચેરમેન પદના નામો સામે જિલ્લા ભાજપ સંગઠને વાંધો ઉઠાવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ધારાસભ્યોના લિસ્ટમાં કેટલાક વિવાદિત ચહેરાઓ હોવાથી પક્ષની છબી ખરડાય નહીં તે માટે મોવડી મંડળ પણ ચોંકી ઉઠ્યું છે. આ ખેંચતાણ એટલી હદે વધી ગઈ હતી કે ભૂતકાળમાં ૧જી જૂને મળનારી સામાન્ય સભાઓ પણ રદ કરવાની ફરજ પડી હતી.

ગત સપ્તાહે નર્મદા નદીના કિનારે આવેલા એક ફાર્મ હાઉસ પર ભાજપના બે દિગ્ગજ નેતાઓ અને કેટલાક નગરસેવકો વચ્ચે ગુપ્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કઈ સમિતિમાં કોને ચેરમેન બનાવવા અને કોને પડતા મૂકવા તેનો આખો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો હોવાનું ચર્ચાય છે.

### સેનિટેશન ખાતા પર સૌની નજર

પાલિકામાં સેનિટેશન (આરોગ્ય અને સફાઈ) ખાતું ખૂબ જ મહત્વનું અને મોટું બજેટ ધરાવતું હોવાથી તેને 'મલાઈદાર' ખાતું ગણવામાં આવે છે. આ જ કારણે આ ખાતાના ચેરમેન પદ પર બેસવા માટે નગરસેવકોમાં રીતસરની હોડ જામી છે.

# સાગબારા-ડેડીયાપાડા હાઈવે પર ખાડો ફરી બન્યો જીવલેણ



**માચ** ચોકડી-કણબીપીઠા વચ્ચે ફરી અકસ્માત, બાઈકસવારનું મોત, તંત્રની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ

સાગબારાઃ સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઈવે પર માચ ચોકડી અને કણબીપીઠા વચ્ચે પડેલા ખાડાએ ફરી એક બાઈકસવારનો ભોગ લીધો છે.

મળતી માહિતી મુજબ, સાગબારા તાલુકાના ઉમરાણ ગામના 39 વર્ષીય મહેન્દ્રભાઈ રમેશભાઈ વસાવા પોતાની બાઈક પર ડેડીયાપાડા તરફથી કામ પતાવી રાત્રે આશરે 9 વાગ્યે ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે કણબીપીઠા અને માચ ચોકડી વચ્ચેના ખતરનાક વળાંકમાં નાળા ઉપર પડેલા મોટા ખાડામાં તેમની બાઈક અચાનક જોરદાર રીતે પડી હતી. સ્ટીયરિંગ પર કાબૂ ન રહેતાં તેઓ પટકાયા હતા જેમાં ગંભીર ઈજાઓ થતાં તેમણે ઘટનાસ્થળે દમ તોડી દીધો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, દિવસ કરતાં મધરાત્રિના સમયે અહીં વટેમાર્ગુઓ માટે જીવલેણ ખતરો વધી જાય છે, જેનો આ અકસ્માત સ્પષ્ટ પુરાવો છે. ખાડાના કાયમી ઉકેલ અંગે સ્થાનિક નેતાગીરી કોઈ કાર્યવાહી કરતી ન હોય તેમ લાગે છે. હવે જોવું રહ્યું કે, રસ્તાની મરામત ક્યારે થાય છે, કે પછી વધુ એક અકસ્માતની રાહ જોવાશે. ગ્રામજનોએ તંત્ર પાસે તાત્કાલિક સલામતીના પગલાં લેવાની માંગ ઉઠાવી છે.

### ચોર્યાસી ટોલનાકા પર ડિવાઇડર સાથે ટ્રકની ધડામ



વિશાલ પટેલ

કામરેજ તાલુકાના ચોર્યાસી ગામની હદમાં મુંબઈ અમદાવાદ નેશનલ હાઇવે નંબર 48 રવિવારના રોજ એક ટ્રકના ચાલકે કાબૂ ગુમાવતા બંધ ટોલ નાકાના ડિવાઇડર સાથે અથડાઈ હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

# ભરૂચમાં અષાઢી બીજે ત્રણ રથયાત્રા નીકળશે, સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત

**પોલીસ** દ્વારા રથયાત્રાના નિર્ધારિત રૂટ પર ફ્લેગ માર્ચ કરાઇ



ભરૂચઃ ભરૂચ શહેરમાં આગામી 16મી જુલાઈએ અષાઢી બીજના પાવન અવસરે ભગવાન જગન્નાથજીની ત્રણ અલગ-અલગ રથયાત્રાઓ નીકળશે. આ રથયાત્રાઓ શાંતિ અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

શહેરના ફુરજા બંદર વિસ્તારથી યાદવ સમાજ, આશ્રય સોસાયટીમાંથી ઉડિયા સમાજ અને શીતલ સર્કલ સ્થિત ઈસ્કોન મંદિર તરફથી અલગ-અલગ રથયાત્રાનું આયોજન કરાયું છે. ત્રણેય રથો જુદા-જુદા માર્ગો પરથી પસાર થશે અને ભક્તો માટે ધાર્મિક ઉત્સાહનો માહોલ સર્જાશે. તૈયારીઓના ભાગરૂપે એ-ડિવિઝન ખાતે શહેર ડીવાયએસપી સી.કે. પટેલની અધ્યક્ષતામાં એ, બી અને સી ડિવિઝન પોલીસ દ્વારા શાંતિ સમિતિની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના શાંતિ સમિતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કોમી એકતા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તેમજ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ રીતે થાય તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એમ. વસાવાના માર્ગદર્શન હેઠળ રથયાત્રાના નિર્ધારિત રૂટ પર ફ્લેગ માર્ચ યોજવામાં આવ્યો હતો. આ ફ્લેગ માર્ચમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમણે શહેરના વિવિધ વિસ્તારોમાં રાઉન્ડ મારીને લોકોમાં સુરક્ષાનો સંદેશો આપ્યો હતો. પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા તેમજ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

# આદિવાસી પરંપરાગત દેવ 'નાદરવાદેવ અને ગ્રામદેવતી'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી



વિનોદ મૈસુરીયા

વાંકલઃ ઉમરપાડા તાલુકાના વાડી ગામમાં દર વર્ષની આદિવાસી પરંપરા મુજબ આ વર્ષે પણ 'નાદરવાદેવ' અને ગ્રામદેવતીની ભવ્ય તેમજ ભક્તિસભર ઉજવણી કરવામાં આવી હતી. ગામના યુ વાનો અને વડીલોના સહિયારા પ્રયાસોથી બનેલી 'ગ્રામદેવતી ઉજવણી સમિતિ' દ્વારા જેઠ વદ તેરસના પવિત્ર દિવસે ગામના દેવસ્થાને એક ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિસ્તારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તે માટેનો હતો. આ ધાર્મિક મહોત્સવમાં ગામના વડીલ અને અગ્રણી આગેવાન હરીશભાઈ, ચંદસિંગભાઈ, પૂજારી રેન્જરભાઈ સહિત ગામના ઉત્સાહી યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### ઝેરવાવરા ગામમાં 19 વર્ષીય યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

અનાવલઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના ઝેરવાવરા ગામમાં 19 વર્ષીય યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાના પગલે પરિવાર સહિત પંથકમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.ઝેરવાવરા ગામના ભગત ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા પ્રવિણભાઈ કાંતિભાઈ પટેલના 19 વર્ષ અને 10 મહિનાના પુત્ર હર્ષકુમાર પટેલે શનિવારની રાત્રિએ પોતાના ઘરની પજારીમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. યુવકે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી બહાર આવી નથી.



# અંકલેશ્વરના સુરવાડી બ્રિજ પર રેતીનો પથરાવ, અકસ્માતનો ખતરો



સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ટી બ્રિજ પર હાલમાં જ ગાબડું પડવા સાથે સળીયા બહાર દેખાવાની ઘટના સામે આવી હતી.

જેમાં બ્રિજની કામગીરીમાં ગુણવત્તા સામે સવાલો ઊભા થયા હતા. હવે સુરવાડી બ્રિજના છેડા પર રસ્તા પર રેતીના પથરાવની સમસ્યા સામે આવી છે. બ્રિજના છેડે માર્ગ પર રેતીને લઈ વરસાદી સીઝનમાં અકસ્માતનો ખતરો તોળાઈ રહ્યો છે. વરસાદ બાદ જ બ્રિજના માર્ગ પર રેતીનું સામ્રાજ્ય જામ્યું હતું. તંત્ર બ્રિજના રસ્તા પરથી રેતી સાફ કરી વાહન ચાલકોને સુરક્ષા પ્રદાન કરે તે જરૂરી બન્યું છે.